# 'બેટી બચાવો બેટી પઢાઓ' અંતર્ગત ડાંગમાં યોજાયો 'કોફી વિથ કલેક્ટર' કાર્યક્રમ

**ડાંગ જિલ્લાની ૧૧ માધ્યમિક શાળાઓની ૬૧ જેટલી દીકરીઓએ જિલ્લા કલેક્ટર, જિલ્લા વિકાસ અધિકારી તેમજ જિલ્લા પોલીસ વડા સાથે કર્યો મુક્ત સંવાદ.**

## કલેક્ટર શ્રી એન.ડી. પરમારે દીકરીઓને લક્ષ્ય નિર્ધારિત કરી શિક્ષણ, કૌશલ્ય વિકાસ અને સર્વાંગી પ્રગતિ માટે આપ્યું પ્રેરણાદાયી માર્ગદર્શન



કમલમ્, આહવા

મહિલા અને બાળ વિકાસ વિભાગ, ગુજરાત સરકાર દ્વારા 'બેટી બચાવો બેટી પઢાઓ' અને 'નારી વંદન ઉત્સવ' અંતર્ગત ડાંગ જિલ્લા કલેક્ટર શ્રી એન.ડી. પરમારના અધ્યક્ષસ્થાને 'કોફી વિથ કલેક્ટર' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં જિલ્લા વિકાસ અધિકારી શ્રી કુલદીપસિંગ ઝાલા તેમજ જિલ્લા પોલીસ વડા સુશ્રી પૂજા યાદવ ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને વિદ્યાર્થીનીઓને ઉપયોગી માર્ગદર્શન પૂરું પાડયું હતું. આ કાર્યક્રમમાં ઉપસ્થિત દીકરીઓને પ્રોત્સાહિત કરતાં જિલ્લા કલેક્ટર શ્રી એન.ડી. પરમારે જણાવ્યું હતું કે, "વર્તમાન સમયમાં મહિલાઓ દરેક ક્ષેત્રમાં ખૂબજ પ્રશંસનીય અને ગર્વ લેવા જેવી પ્રગતિ કરી રહી છે. વર્તમાન પેઢીની દીકરીઓ પાસે પોતાના સ્વપ્નો અને લક્ષ્યાંકો પૂર્ણ કરવા માટે અનુકૂળ વાતાવરણ અને નવી દિશાઓ ઉપલબ્ધ છે, જે વર્ષો પહેલાંની મહિલાઓ માટે એક મોટો પડકાર હતો." આ બાબતે વર્તમાન સમયની મહિલાઓને અત્યંત નસીબદાર ગણાવતા તેમણે ઉમેર્યું કે, "જીવનમાં પ્રત્યેક વ્યક્તિ માટે સ્વતંત્રતા અનિવાર્ય છે. કોઈ વિષય કે વસ્તુ ન આવડવી એ આળસ નથી, પરંતુ તેના પર વધુ મહેનત કરીને તેને ઊંડાણપૂર્વક સમજવાનું લક્ષ્ય બનાવવું જોઈએ. માત્ર સરકારી પરીક્ષાઓ પાસ કરવા પૂરતું જ નહીં, પણ જીવનના ડગલે ને પગલે મહિલા સશક્તિકરણને ઉજાગર કરતી નાની-નાની બાબતોને પણ સમજવી જરૂરી છે. સાથોસાથ, પરંપરાગત સામાજિક કે કૌટુંબિક સીમાઓથી ઉપર ઊઠીને પોતાના વિકાસ વિશે વિચારવું એ સ્વાર્થ નથી; અન્યની સાથે પોતાના માટે પણ જીવતા શીખવું જોઈએ. કોઈના કહેવાથી નહીં, પરંતુ 'મને ગમે છે અને મારે કંઈક કરી બતાવવું છે' તેવા દ્રઢ સંકલ્પ સાથે આગળ વધવું જોઈએ."

ગુજરાત સરકાર દ્વારા સમગ્ર રાજ્યમાં વિદ્યાર્થીનીઓને ઉચ્ચ અભ્યાસ સુધી મફત શિક્ષણ આપવામાં આવે છે. ત્યારે માત્ર શિક્ષણ જ નહીં પરંતુ કૌશલ્ય વિકાસ પણ શીખવું જરૂરી છે તેમ જણાવી, કલેક્ટરશ્રીએ દીકરીઓને પોતાનું નિર્ધારિત લક્ષ્ય પ્રાપ્ત કરવા સખત મહેનત કરવા જણાવ્યું હતું. આ સાથે નાની ઉંમરે લગ્ન ન કરવા તથા જો કોઈ દીકરી આર્થિક કે સામાજિક પરિસ્થિતિઓને કારણે શાળા છોડતી હોય તો તેને સમજાવીને પુન: અભ્યાસમાં જોડવા અપીલ કરી હતી. વધુમાં, કલેક્ટરશ્રીએ 'વિકસિત ભારત ૨૦૪૭'નો સંકલ્પ સાકાર કરવા વિદ્યાર્થીઓને આહ્વાન કર્યું હતું. જિલ્લા વિકાસ અધિકારી શ્રી કુલદીપસિંહ ઝાલાએ દીકરીઓને પોતાની ઈચ્છા મુજબ આગળ વધવા પ્રેરણા આપી હતી. તેમણે જણાવ્યું હતું કે, અન્ય લોકોને રોલ મોડેલ બનાવો, પરંતુ જીવનમાં લક્ષ્ય પ્રાપ્ત કરવા માટે શું કરવું તેનો આખરી નિર્ણય તમારો પોતાનો જ હોવો જોઈએ. દરેક વ્યક્તિ અલગ-અલગ ક્ષેત્રમાં આગળ વધી શકે છે, તેના માટે સ્પષ્ટ ધ્યેય અને દ્રઢ ઈચ્છાશક્તિ હોવી જરૂરી છે. જિલ્લા પોલીસ વડા સુશ્રી પૂજા યાદવે વિદ્યાર્થીઓની પરીક્ષાલક્ષી મુંઝવણો દૂર કરી, વિદ્યાર્થી અવસ્થામાં 'જિજ્ઞાસાવૃત્તિ' કેળવવા પર ભાર મૂક્યો હતો. તેમણે ઈન્ટરનેટ, ઓડિયો-વિઝ્યુઅલ અને વર્તમાનપત્રો જેવા માધ્યમોનો ઉપયોગ કરીને નવી બાબતો શીખવાની સલાહ આપી હતી. પોલીસ વડાએ પોતાની UPSC પરીક્ષાની તૈયારીના અનુભવો શેર કર્યા હતા, તથા પરીક્ષામાં ક્યારેય નિરાશ ન થવા બાબતે સરળ શૈલીમાં માર્ગદર્શન આપ્યું હતું, જેનાથી ઉપસ્થિત વિદ્યાર્થીનીઓમાં નવો ઉત્સાહ અને સકારાત્મક ઊર્જાનો સંચાર થયો હતો. તેમણે તાકીદ કરી હતી કે પરીક્ષાના ભયથી ક્યારેય પણ હતાશ થઈને કોઈ ખોટું પગલું ન ભરવું, પરંતુ મુક્ત મને અને હળવાશથી તૈયારી કરવી. ભારત દેશ અઢળક તકોથી ભરેલો છે; બસ કાબિલ બનો, પોતાની આવડતને પારખો અને સાચી દિશામાં ૧૦૦ ટકા મહેનત કરો. સક્ષમ વ્યક્તિત્વ સાથે સાચા પ્રયાસો કરનારને સફળતા ચોક્કસ મળે જ છે. આ કાર્યક્રમ દરમિયાન વિવિધ ક્ષેત્રે વિશિષ્ટ સિદ્ધિ મેળવનાર દીકરીઓને એજ્યુકેશન કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું તેમજ 'વ્હાલી દીકરી યોજના'ના મંજૂરી હુકમો પણ એનાયત કરાયા હતા. આ પ્રસંગે મહિલા અને બાળ વિકાસ અધિકારીશ્રી ડૉ. મનિષાબેન મુલતાની, વિવિધ માધ્યમિક શાળાઓના આચાર્યશ્રીઓ, શિક્ષકો તેમજ મોટી સંખ્યામાં વિદ્યાર્થીનીઓ ઉપસ્થિત રહી હતી.

### UPSC, GPSC, NEET તેમજ અન્ય સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી માટે વિદ્યાર્થીનીઓને મળ્યું ઉપયોગી માર્ગદર્શન:

# નારી વંદન ઉત્સવ-૨૦૨૬ અંતર્ગત મહિલા નેતૃત્વ દિવસ નિમિત્તે આહવામાં જાગૃતિ કાર્યક્રમ યોજાયો

**૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઇન અને ૧૦૯૮ ચાઈલ્ડ હેલ્પલાઇનના સંયુક્ત ઉપક્રમે ગીરી કન્યા છાત્રાલયની વિદ્યાર્થિનીઓને મહિલા અને બાળ સુરક્ષા અંગે માર્ગદર્શન અપાયું**



કમલમ્, આહવા

નારી વંદન ઉત્સવ-૨૦૨૬ અંતર્ગત ઉજવાતા મહિલા નેતૃત્વ દિવસ નિમિત્તે મહિલાઓ અને કિશોરીઓમાં નેતૃત્વ ક્ષમતાનો વિકાસ, આત્મવિશ્વાસમાં વધારો, પોતાના અધિકારો અને જવાબદારીઓ પ્રત્યે જાગૃતિ તેમજ શિક્ષણ, સુરક્ષા અને સ્વાવલંબન દ્વારા સમાજના સર્વાંગી વિકાસમાં તેમની સક્રિય ભાગીદારી સુનિશ્ચિત કરવાના હેતુસર આહવા સ્થિત ગીરી કન્યા છાત્રાલય ખાતે જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈન ડાંગ ટીમ અને ૧૦૯૮ ચાઈલ્ડ હેલ્પલાઈન ડાંગ ટીમના સંયુક્ત ઉપક્રમે યોજાયેલા આ કાર્યક્રમમાં છાત્રાલયની વિદ્યાર્થિનીઓને મહિલા સુરક્ષા, બાળ સુરક્ષા, કાનૂની અધિકારો તથા સરકાર દ્વારા ઉપલબ્ધ વિવિધ સહાયકારી સેવાઓ અંગે વિસ્તૃત વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યુ હતું. કાર્યક્રમ દરમિયાન ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈનના પ્રતિનિધિઓએ ઘરેલુ હિંસા, મહિલાઓ સામે થતા વિવિધ પ્રકારના અત્યાચાર, સાયબર ગુનાઓથી બચવાના ઉપાયો, કાનૂની સહાય તેમજ મહિલાઓને મળતી તાત્કાલિક મદદ અંગે માહિતી આપી હતી. સાથે જ કોઈપણ પ્રકારની મુશ્કેલી કે સંકટની સ્થિતિમાં નિ:શુલ્ક ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈન સેવાનો નિર્ભયપણે ઉપયોગ કરવા અપીલ કરી હતી. ૧૦૯૮ ચાઈલ્ડ હેલ્પલાઈન ટીમ દ્વારા બાળકોના અધિકારો, બાળ સુરક્ષા, બાળલગ્ન પ્રતિબંધ, બાળમજૂરી, બાળ શોષણ સામે રક્ષણ તથા સંકટગ્રસ્ત બાળકો માટે ઉપલબ્ધ 24×7 ટોલ-ફ્રી ૧૦૯૮ ચાઈલ્ડ હેલ્પલાઈન સેવાની કામગીરી અંગે વિદ્યાર્થિનીઓને માહિતગાર કરવામાં આવી હતી. આ ઉપરાંત મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા અમલમાં મુકવામાં આવતી વિવિધ કલ્યાણકારી યોજનાઓ વિશે પણ વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી, જેથી જરૂરિયાતમંદ મહિલાઓ અને બાળકો સમયસર સરકારી સહાયનો લાભ મેળવી શકે. કાર્યક્રમના અંતે વિદ્યાર્થિનીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ મહિલા સશક્તિકરણ, બાળ સુરક્ષા અને સમાજમાં જાગૃતિ ફેલાવવા માટે સક્રિય યોગદાન આપવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો.

# આહવા ખાતે યોજાયેલા નારી વંદન ઉત્સવ-૨૦૨૬ અંતર્ગત 'કોફી વિથ કલેક્ટર' કાર્યક્રમ બાદ વિદ્યાર્થિનીઓએ કલેક્ટરશ્રી સાથે કર્યો પ્રેરણાદાયી સંવાદ



કમલમ્, આહવા

નારી વંદન ઉત્સવ-૨૦૨૬ અંતર્ગત ડાંગ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આયોજિત 'કોફી વિથ કલેક્ટર' કાર્યક્રમ પૂર્ણ થયા બાદ સંતકબા ધોળકિયા વિદ્યામંદિર, માલેગામ (ડાંગ)ની વિદ્યાર્થિનીઓએ જિલ્લા કલેક્ટર શ્રી એન.ડી. પરમાર સાથે તેમના કાર્યાલયની ચેમ્બરમાં વિશેષ મુલાકાત કરી હતી. આ પ્રસંગે કલેક્ટર શ્રી એન.ડી.પરમારે વિદ્યાર્થિનીઓ સાથે આત્મીય અને હળવા વાતાવરણમાં સંવાદ સાધ્યો હતો.

તેમણે વિદ્યાર્થીઓના અભ્યાસ, કારકિર્દી, સ્પર્ધાત્મક પરીક્ષાઓ, સમયનું યોગ્ય આયોજન અને જીવનમાં લક્ષ્ય નક્કી કરીને સતત મહેનત કરવાની બાબતો અંગે માર્ગદર્શન આપ્યું હતું. કલેક્ટરશ્રીએ વિદ્યાર્થિનીઓને જણાવ્યું હતું કે, શિક્ષણ એ જીવનમાં સફળતાનું સૌથી મજબૂત સાધન છે. આત્મવિશ્વાસ, શિસ્ત અને સતત પરિશ્રમ દ્વારા કોઈપણ ક્ષેત્રમાં સફળતા મેળવી શકાય છે.

તેમણે વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરી સમાજ અને દેશના વિકાસમાં સક્રિય યોગદાન આપવા પ્રેરિત કર્યા હતા. વિદ્યાર્થિનીઓએ પણ નિ:સંકોચપણે વિવિધ પ્રશ્નો પૂછ્યા હતા, જેના કલેક્ટરશ્રીએ સરળ અને પ્રેરણાદાયી જવાબો આપ્યા હતા. આ મુલાકાત દરમિયાન વિદ્યાર્થીઓમાં જિલ્લા વહીવટી તંત્રની કામગીરી અંગે જિજ્ઞાસા વધી હતી અને સરકારી સેવાઓ તેમજ જાહેર વહીવટ વિશે મહત્વપૂર્ણ જાણકારી પ્રાપ્ત થઈ હતી. કાર્યક્રમના અંતે વિદ્યાર્થિનીઓએ કલેક્ટરશ્રીનો આભાર વ્યક્ત કર્યો હતો અને આ મુલાકાતને જીવનભર યાદગાર તથા પ્રેરણારૂપ અનુભવ ગણાવ્યો હતો. સમગ્ર કાર્યક્રમ હર્ષોલ્લાસ અને પ્રેરણાદાયી વાતાવરણમાં સંપન્ન થયો હતો.

# અમદાવાદ જિલ્લા પંચાયત ખાતે જિલ્લા વિકાસ અધિકારીશ્રીના અધ્યક્ષ સ્થાને મહિલા નેતૃત્વ દિવસની ભવ્ય ઉજવણી

**'મહિલા નેતૃત્વ દિવસ' નિમિત્તે સરપંચો, નર્સ, આશા વર્કર અને બાલિકા પંચાયતની ટીમોનું વિશિષ્ટ સન્માન**

### બાળકના સર્વાંગી વિકાસ અને માતાના સ્વાસ્થ્ય માટે પ્રથમ ૬ મહિના સ્તનપાન અત્યંત જરૂરી; જિલ્લા વિકાસ અધિકારીશ્રીનો મહત્વપૂર્ણ સંદેશ



કમલમ્,

નારી શક્તિના સશક્તિકરણ અને તેમના અદ્ભુત નેતૃત્વની સરાહના કરવાના ઉદ્દેશથી રાજ્યવ્યાપી હાથ ધરાયેલા 'નારી વંદન સપ્તાહ'ની ઉજવણીના ભાગરૂપે અમદાવાદ જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી દ્વારા જિલ્લા પંચાયત, અમદાવાદ ખાતે જિલ્લા વિકાસ અધિકારી શ્રી વિદેહ ખરેના અધ્યક્ષ સ્થાને 'મહિલા નેતૃત્વ દિવસ'ની ગૌરવપૂર્ણ ઉજવણી કરવામાં આવી હતી. સમારોહને સંબોધતા જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ પોતાના પ્રેરણાદાયી ઉદ્બોધનમાં મહિલાઓના નેતૃત્વ, શિક્ષણ, આત્મનિર્ભરતા અને સર્વાંગી સમાજ વિકાસમાં તેમના સિંહફાળાઓની વિશેષ સરાહના કરી હતી. આ સાથે જ 'વિશ્વ સ્તનપાન સપ્તાહ'ના પાવન અવસરને સાંકળીને તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, નવજાત બાળકના જન્મથી લઈને પ્રથમ છ મહિના સુધી માત્ર ને માત્ર માતાનું દૂધ જ બાળક માટે સંપૂર્ણ, પૌષ્ટિક અને શ્રેષ્ઠ આહાર છે. આ અમૃતતુલ્ય દૂધ બાળકના શારીરિક અને માનસિક વિકાસ માટે અત્યંત અનિવાર્ય હોવાની સાથે માતાના પોતાના ઉત્તમ સ્વાસ્થ્ય માટે પણ ખૂબ જ લાભદાયી રહે છે. અમદાવાદ જિલ્લા પંચાયત પ્રમુખશ્રી અને જિલ્લા વિકાસ અધિકારીશ્રીની ગરિમાપૂર્ણ ગૌરવમય ઉપસ્થિતિમાં આયોજિત આ કાર્યક્રમમાં સમાજ માટે પ્રેરણારૂપ કામગીરી કરનાર મહિલા શક્તિને પ્રોત્સાહિત કરવા માટે મહાનુભાવોના વરદ હસ્તે ટ્રોફી એનાયત કરીને સન્માનિત કરવામાં આવી હતી. આ વિશેષ પ્રસંગે સમાજના વિવિધ ક્ષેત્રોમાં ઉત્કૃષ્ટ નેતૃત્વ દાખવી નોંધપાત્ર પ્રદાન આપનાર નારી રત્નોનું વિશિષ્ટ સન્માન કરવાનો ભાવસભર સમારોહ યોજાયો હતો. આ સન્માન સમારોહમાં આરોગ્ય વિભાગની સ્ટાફ નર્સ તથા આશા વર્કર બહેનો, આઈ.સી.ડી.એસ. વિભાગ હેઠળના સી.ડી.પી.ઓ., મુખ્ય સેવિકાઓ, આંગણવાડી કાર્યકર અને હેલ્પર બહેનો, દસ્ક્રોઈ તાલુકાના પરઢોલ અને ગતરાડ ગામની ઉત્સાહી બાલિકા પંચાયત ટીમ, મહિલા સરપંચો, મહિલા પોલીસ કર્મચારીઓ, સખી મંડળની આત્મનિર્ભર બહેનો તેમજ જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરીના મહિલા કર્મચારીઓને તેમની ઉત્કૃષ્ટ સેવાઓ બદલ પ્રોત્સાહિત કરાયા હતા. આ ઉપરાંત બાલિકા પંચાયતની બાળાઓના શૈક્ષણિક પ્રોત્સાહન અર્થે તેમને વિશેષ શૈક્ષણિક કિટ પણ એનાયત કરવામાં આવી હતી. આ ગૌરવવંત ઉજવણીમાં અમદાવાદ જિલ્લા પંચાયતના ઉપપ્રમુખશ્રી, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, આઈ.સી.ડી.એસ. ગ્રામ્યના પ્રોગ્રામ ઓફિસરશ્રી, જિલ્લા મહિલા અને બાળ અધિકારીશ્રી, દહેજ પ્રતિબંધક અધિકારીશ્રી (શહેર અને ગ્રામ્ય) સહિત વિવિધ વિભાગોના અધિકારીઓ, કર્મચારીઓ, સન્માનિત મહિલા અગ્રણીઓ અને મોટી સંખ્યામાં બહેનોએ ઉત્સાહભેર ઉપસ્થિત રહીને સમગ્ર કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# ડાંગ જિલ્લાના આઈ.સી.ડી.એસ, આહવા ઘટક-૧ દ્વારા 'વિશ્વ સ્તનપાન સપ્તાહની ઉજવણી' કરાઈ

**બાળકના સર્વાંગી વિકાસ માટે માતાનું દુધ જ અમૃત :સ્તનપાનની સાચી પદ્ધતી અને બોટલ ફિડિંગના જોખમો અંગે જાગૃતિ કાર્યક્રમ યોજાયો**



કમલમ્, આહવા

આઈ.સી.ડી.એસ આહવા ઘટક-૧ દ્વારા 'વિશ્વ સ્તનપાન સપ્તાહ' ની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી રહી છે. આ વર્ષની થીમ "જીવનની ટકાઉ અને સ્વસ્થ શરુઆત માટે સ્તનપાન સફળ પ્રયાસોને મજબુત બનાવીએ" હેઠળ વિવિધ જનજાગૃતિ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ નવજાત શિશુને જન્મના તુરંત બાદ સ્તનપાનની વહેલી શરુઆત કરાવવી, ૬ મહિના સુધી ફક્ત સ્તનપાન અને ત્યારબાદ ૨ વર્ષ સુધી સ્તનપાન ચાલુ રાખવા અંગે માતાઓને માર્ગદર્શન આપવાનો છે. આ પ્રયાસોથી બાળકના સર્વાંગી વિકાસ અને રોગપ્રતિકારક શક્તિમાં વધારો થશે. આ ઉજવણી અંતર્ગત આજરોજ ડાંગ જિલ્લાની આંગણવાડીઓમાં સુપોષણ દિવસનુ વિશેષ આયોજન કરવામાં આવ્યુ હતુ. આ સંવાદ દરમિયાન સગર્ભા ધાત્રી માતાઓ અને તેમના પરિવારના સભ્યો સાથે સીધો વાર્તાલાપ કરવામાં આવ્યો હતો. લાભાર્થીઓને યોગ્ય જાણકારીના અભાવે માતાઓ યોગ્ય સ્તનપાન કરાવી શકવામાં મુશ્કેલીઓ આવતી હોય છે જે અંતર્ગત સગર્ભા અને ધાત્રી માતાઓને યોગ્ય રીતે વળગાડવાની રીત ની સાચી રીત અને વિવિધ પોઝીશન વિશે સમજણ આપવામાં આવી હતી. આ કાર્યક્રમ દ્વારા શિશુને બોટલ દ્વારા દુધ પીવડાવવાથી થતા નુકશાન વિશે સમજણ આપવામાં આવી અને તેના જોખમો વિશે જાણકારી આપવામાં આવી સાથે જ કોઈ પણ અન્ય વિકલ્પ કરતા માત્ર અને માત્ર માતાનું ધાવણ જ સર્વ શ્રેષ્ઠ અને સપુર્ણ આહાર છે એની જાણકારી આપવામા આવી હતી. પહેલા ૧ કલાક માં માતાનું ધાવણ આપવા જેવી મહત્વની બાબતો વિશે જાણકારી આપવામાં આવી.

# અમદાવાદના વીર સાવરકર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે તા. ૧૩ થી ૨૩ ઑગસ્ટ દરમિયાન રમાશે FIBA અંડર-૧૮ એશિયા કપ-૨૦૨૬

**અમદાવાદમાં પ્રથમવાર યોજાશે FIBA અંડર-૧૮ એશિયા બાસ્કેટબોલ કપ, ૧૬ દેશોના યુવા ખેલાડીઓ ભાગ લેશે**




કમલમ્,

બાસ્કેટબોલ ફેડરેશન ઑફ ઈન્ડિયા (BFI) દ્વારા ગુજરાત સરકાર, FIBA એશિયા અને ગુજરાત સ્ટેટ બાસ્કેટબોલ એસોસિએશનના સંયુક્ત સહયોગથી આગામી તા. ૧૩ થી ૨૩ ઑગસ્ટ, ૨૦૨૬ દરમિયાન અમદાવાદના વીર સાવરકર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે FIBA અંડર-૧૮ એશિયા બાસ્કેટબોલ કપ-૨૦૨૬નું આયોજન કરવામાં આવશે. આ અંગે BFIના સેક્રેટરી જનરલ કુલવિન્દરસિંહ ગિલ, FIBA અંડર-૧૮ના આયોજન પ્રમુખ શક્તિસિંહ ગોહિલ તેમજ મંત્રી શફિકશેખ દ્વારા વિગતો આપવામાં આવી હતી. આ આંતરરાષ્ટ્રીય સ્પર્ધામાં સમગ્ર એશિયા ઓશિનિયાની ૧૬ શ્રેષ્ઠ અંડર-૧૮ બાસ્કેટબોલ ટીમના યુવા ખેલાડીઓ એશિયન ટાઈટલ તેમજ આગામી FIBA અંડર-૧૯ બાસ્કેટબોલ વર્લ્ડ કપ-૨૦૨૭ના ક્વૉલિફિકેશન માટે ટકરાશે. અમદાવાદ પ્રથમવાર આ પ્રતિષ્ઠિત સ્પર્ધાની યજમાની કરશે. આગામી કૉમનવેલ્થ ગેમ્સ અને પોલીસ ગેમ્સ પૂર્વે આ વૈશ્વિક સ્પર્ધાની યજમાની મેળવવી એ દેશમાં બાસ્કેટબોલ રમતની વધતી પ્રગતિ અને વિશ્વસ્તરીય રમતગમતની ઈવેન્ટ્સના સફળતાપૂર્વક આયોજન કરવાની ભારતની ક્ષમતા દર્શાવે છે. આ ચેમ્પિયનશિપમાં ભારત ઉપરાંત ઓસ્ટ્રેલિયા, બહેરીન, ચીન, ચાઈનીઝ તાઈપેઈ, ઈરાન, જાપાન, કઝાકિસ્તાન, કોરિયા, લેબનોન, ન્યૂઝીલેન્ડ, ફિલિપાઈન્સ, કતાર, શ્રીલંકા, સીરિયા અને થાઈલેન્ડ એમ કુલ ૧૬ દેશ ચાર-ચાર ટીમના ગ્રૂપમાં ભાગ લઈ લેશે. ભારતીય ટીમ ગ્રૂપ સ્ટેજમાં કોરિયા, જાપાન અને કઝાકિસ્તાનની ટીમ સામે મુકાબલો કરશે. ત્યાર બાદ ક્વૉલિફિકેશન ટુ ક્વાર્ટર-ફાઈનલ્સ, ક્વાર્ટર-ફાઈનલ્સ, સેમિફાઈનલ્સ અને તા. ૨૩ ઑગસ્ટ, ૨૦૨૬ના રોજ ફાઈનલ મેચ યોજાશે. અમદાવાદમાં યોજાનાર આ ૧૦ દિવસીય રોમાંચક આંતરરાષ્ટ્રીય બાસ્કેટબોલ મહાકુંભને નિહાળવા તથા એશિયાના ઉભરતાં યુવા ખેલાડીઓનો ઉત્સાહ વધારવા બાસ્કેટબોલ ફેડરેશન ઑફ ઈન્ડિયા (BFI) દ્વારા રમતગમત પ્રેમીઓને અનુરોધ કરાયો છે.

# સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, આહવાના NSS વિભાગ તથા સરકારી વિજ્ઞાન કોલેજના સંયુકત ઉપક્રમે જાગૃતિ કાર્યક્રમ યોજાયો



કમલમ્, આહવા

સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, આહવા-ડાંગના રાષ્ટ્રીય સેવા યોજના (NSS) વિભાગ તથા સરકારી વિજ્ઞાન કોલેજ, આહવાના સંયુક્ત ઉપક્રમે તા. ૨ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ કોલેજના વિજ્ઞાન હોલ ખાતે "નશા મુક્ત યુવા – વિકસિત ભારત સંકલ્પ અભિયાન" નું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના મુખ્ય મહેમાન તરીકે ડાંગના ધારાસભ્ય શ્રી વિજયભાઈ પટેલે યુવાનોને "નશા મુક્ત યુવા – વિકસિત ભારત સંકલ્પ અભિયાનમાં જોડાવા આહ્વાન કર્યું હતુ. તેઓએ જણાવ્યું હતું કે, યુવાનો કોઈપણ દેશની સૌથી મોટી શક્તિ અને ભવિષ્ય છે. જો યુવા શક્તિ નશાથી દૂર રહીને શિક્ષણ, રમતગમત, નવીનતા અને રાષ્ટ્રસેવામાં આગળ વધશે, તો વિકસિત ભારતનું સ્વપ્ન ચોક્કસ સાકાર થશે.

તેમજ યુવાનોને સમય સંચાલન અને નશા કરતાં યુવા મિત્રોથી દુર રહેવા તેમજ ડાંગ જિલ્લામાં જોવા મળતા સોલેસન પ્રકારના નશા માંથી યુવાનો બહાર લાવવા માટે જિલ્લાના તમામ નાગરિકો અને અધિકારીઓ/કર્મચારીને આહવાન કર્યુ હતું કોલેજના આચાર્યશ્રી ડૉ.યુ.કે. ગાંગુર્ડે દ્વારા નશા મુક્ત યુવા – વિકસિત ભારત સંકલ્પ અભિયાન એ જન આંદોલન જન સેવા છે હોવાનુ જણાવી આ અભિયાનમાં સર્વની ભાગીદારી માટે આહ્વાન કર્યું હતું. દરમિયાન પ્રધાનમંત્રીશ્રીએ વર્ચુઅલ માધ્યમથી પોતાના સંબોધનમાં જણાવ્યું કે, નશો માત્ર વ્યક્તિનું જ નહીં, પરંતુ સમગ્ર પરિવારના સપનાઓ અને સમાજના ભવિષ્યને પણ નુકસાન પહોંચાડે છે. તેમણે યુવાનોને નશાથી દૂર રહી પોતાના જીવનને રાષ્ટ્રનિર્માણ માટે સમર્પિત કરવાની અપીલ કરી.

તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, "નશામુક્ત યુવા જ વિકસિત ભારતની સૌથી મોટી શક્તિ છે." યુવાનોમાં જાગૃતિ ફેલાવવા માટે આગામી ૧૦૦ અઠવાડિયા સુધી દેશભરમાં દર રવિવારે વિવિધ જનજાગૃતિ કાર્યક્રમો, રમતગમત, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, વોકાથોન, નુક્કડ નાટકો અને સમાજજાગૃતિના કાર્યક્રમો યોજવામાં આવશે. દેશભરના હજારો સ્થળોએ એક કરોડથી વધુ યુવાનો દ્વારા નશામુક્તિનો સંકલ્પ લેવામાં આવ્યો. આ અભિયાનમાં MY Bharat, રાષ્ટ્રીય સેવા યોજના (NSS), શૈક્ષણિક સંસ્થાઓ, યુવા મંડળો, સ્વૈચ્છિક સંસ્થાઓ તેમજ ૧૨ પથી વધુ આધ્યાત્મિક સંસ્થાઓ સક્રિય રીતે જોડાઈ છે. પ્રધાનમંત્રીશ્રીએ તમામ કોલેજના પ્રોફેસરોને વિષય સિવાય વિદ્યાર્થીઓને નશામુક્ત અંગે માહિતી અને અભિયાનમાં ભાગીદારી થવા આહ્વાન કર્યું હતું. તેમજ નાગરિકોને પોતાના પરિવાર, મિત્રો અને સમાજને નશાના દૂષણથી બચાવવા માટે જાગૃત કરવાની અપીલ કરી અને "જનભાગીદારી" દ્વારા નશામુક્ત ભારત – વિકસિત ભારત ૨૦૪૭ના સંકલ્પને સાકાર કરવાની હાકલ કરી. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન NSS પ્રોગ્રામ ઓફિસર પ્રા.ડૉ.ઉમેશ.એ. હડસ અને ડૉ. ગણેશસી નરભવર દ્વારા કરવામાં આવ્યુંહતું.

